# શિક્ષણમાં ગુજરાતી ભાષા, ઓળખ અને સાંસ્કૃતિક વિવિધતા"

ડાંગર ક્રિષ્ના આર

*વિદ્યાર્થીની (ગુજરાતી), મહારાજા કૃષ્ણકુમારસિંહજી- ભાવનગર યુનિવર્સિટી*

*doi.org/10.64643/IJIRTV12I5-191336-459*

*સારાંશ* —ભાષા માનવ સંસ્કૃતિનો આત્મા છે અને શિક્ષણ એ ભાષાના સંરક્ષણ તથા વિકાસનું સૌથી સશકત માધ્યમ છે. ગુજરાતીની પોતાની સમૃદ્ધ ભાષાકીય પરંપરા, સાહિત્યિક વારસો અને લોક સંસ્કૃતિ છે. શિક્ષણમાં ગુજરાતી ભાષાનો ઉપયોગ માત્ર જ્ઞાન આપવાનું સાધન નથી, પરંતુ તે વ્યક્તિની ઓળખ અને સમાજની સાંસ્કૃતિક વિવિધતાને જીવંત રાખવાનો માર્ગ છે. ભાષા સાથે ઓળખ ગાઢ રીતે જોડાયેલી છે. શિક્ષણ દ્વારા જ્યારે ગુજરાતી ભાષા સાહિત્ય, ઇતિહાસ અને લોકપરંપરાઓનું જ્ઞાન આપવામાં આવે છે ત્યારે વિદ્યાર્થીઓમાં પોતાની ભાષા અને સંસ્કૃતિ પ્રત્યે ગૌરવ ઊભું થાય છે. આ ઓળખ વ્યક્તિને વૈશ્વિક સ્તરે પણ આત્મ વિશ્વાસ આપે છે. કારણ કે, મજબૂત મૂળ ધરાવનાર વ્યક્તિ જ વૈશ્વિક નાગરિક બની શકે છે.

ભાષા માનવ સમાજની સંસ્કૃતિ, વિચારધારા અને ઓળખનું મુખ્ય આધાર છે. શિક્ષણ એ સમાજના મૂલ્યો અને પરંપરાઓને આગલી પેઢી સુધી પહોંચાડવાનું સૌથી સશકત માધ્યમ છે. ગુજરાત રાજ્યમાં ગુજરાતી ભાષા માત્ર સવાંદનું સાધન નથી પરંતુ સાંસ્કૃતિક વારસાનો જીવંત પ્રતિનિધિ છે. શિક્ષણ માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રક્રિયા નથી, પરંતુ તે વ્યક્તિની ઓળખ, મૂલ્યો અને સાંસ્કૃતિક સમજ ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. માતૃભાષા તરીકેની ગુજરાતી ભાષા શિક્ષણમાં સામેલ થાય ત્યારે તે શીખનારને પોતાની મૂળ ઓળખ સાથે જોડે છે અને ભારતની વૈવિધ્યસભર સંસ્કૃતિને સમજવા માટે મજબૂત પાયો તૈયાર કરે છે.

શિક્ષણમાં ગુજરાતી ભાષા માત્ર એક શૈક્ષણિક સાધન નથી, પરંતુ તે આપણી સાંસ્કૃતિક ઓળખ, મૂલ્યવ્યવસ્થા અને સાંસ્કૃતિક વિવિધતાનું આધારસ્તંભ છે. વૈશ્વિક યુગમાં પોતાની મૂળ ઓળખ જાળવીને આગળ વધવા માટે શિક્ષણમાં ગુજરાતી ભાષાનું સશકિતકરણ અનિવાર્ય છે. અંતમાં, કહી શકાય કે, વૈશ્વિકીકરણના યુગનાં અંગ્રેજી ભાષાનું મહત્વ વધ્યું હોવા છતાં માતૃભાષાને અવગણવી યોગ્ય નથી, શિક્ષણમાં ગુજરાતી ભાષા માત્ર એક વિષય નથી, પરંતુ તે આપણી ઓળખ, સંસ્કૃતિ અને સાંસ્કૃતિક વિવિધતાનો આધારસ્તંભ છે. તેને મજબૂત બનાવવાથી આવનારી પેઢી સજાગ, સંસ્કારી અને આત્મ વિશ્વાસભરી બની શકે છે.

*મુખ્ય ચાવિરૂપ શબ્દો*—ગુજરાતી ભાષા, શિક્ષણ, માતૃભાષા, ભાષા અને ઓળખ, લોક સંસ્કૃતિ, સાંસ્કૃતિક વિવિધતા, ભાષા સંરક્ષણ, ડિજિટલ યુગમાં ગુજરાતી.

શિક્ષણ માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રક્રિયા નથી, પરંતુ ભાષા, સંસ્કૃતિ અને ઓળખના સંરક્ષણ તથા વિકાસનું શક્તિશાળી માધ્યમ છે. ગુજરાતમાં શિક્ષણ વ્યવસ્થામાં ગુજરાતી ભાષાનું સ્થાન માત્ર સંવાદનું સાધન નથી, પરંતુ સામૂહિક ઓળખ, લોકસંસ્કૃતિ, સાહિત્ય અને મૂલ્યપ્રણાલીનું પ્રતીક છે. વૈશ્વિકીકરણ અને અંગ્રેજીકરણના યુગમાં શિક્ષણમાં ગુજરાતી ભાષાની ભૂમિકા, ઓળખ અને સાંસ્કૃતિક વિવિધતા વિશેષ મહત્વ ધરાવે છે. ભાષા શાસ્ત્રીય અને શૈક્ષણિક સંશોધનો દર્શાવે છે કે માતૃભાષામાં શિક્ષણ વિધાર્થીની સમજશક્તિ, વિચારશક્તિ અને સર્જનાત્મકતા ને મજબૂત બનાવે છે.

ISSN: 2349-6002

ગુજરાતી ભાષા સ્થાનિક સંસ્કૃતિ, લોકકથા, ઇતિહાસ અને સામાજિક મૂલ્યો સાથે જોડે છે.

માતૃભાષાને શિક્ષણનું મુખ્ય માધ્યમ છે. ભાષા વિના સંસ્કૃતિ જીવંત રહી શકતી નથી. ભાષા વ્યક્તિ અને સમાજની ઓળખ રચવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ગુજરાતી ભાષા બોલનાર વ્યક્તિ પોતાની ભાષા દ્વારા પોતાનું સાંસ્કૃતિક અસ્તિત્વ સ્થાપે છે. ઉમાશંકર જોશી ભાષાને માનવ આત્માની અભિવ્યક્તિ તરીકે જોતા હતા. તેમની કૃતિઓ ભારતીય અને ગુજરાતીપણું સ્પષ્ટ દેખાય છે. નર્મદે "જય જય ગરવી ગુજરાત"દ્વારા ભાષા અને પ્રાદેશિક ઓળખને મજબૂત બનાવી છે. સિતાંશુભાઈએ આધુનિક સંદર્ભમાં ઓળખના સંકટને સાહિત્ય દ્વારા રજૂ કરે છે. ઝવેરચંદ મેઘાણી એ લોક સાહિત્યના સંકલન દ્વારા ગ્રામ્ય અને લોક સંસ્કૃતિને શિક્ષણ સાથે જોડી રાખી છે. કનૈયાલાલ મુનશીએ ઇતિહાસ અને સંસ્કૃતિને સાહિત્ય દ્વારા જીવંત બનાવ્યા. ગંગાસતી અને મીરાં જેવા જ્ઞાની ભક્તોએ ભક્તિ સાહિત્ય દ્વારા આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોનું શિક્ષણ સમાજને આજના સમયમાં સંસ્કાર રૂપે મળે છે.

ગુજરાતમાં આદિવાસી સંસ્કૃતિ,લોક સંસ્કૃતિ, શહેરી-ગ્રામ્ય સંસ્કૃતિ અને ધાર્મિક–ભાષિક વિવિધતા જોવા મળે છે. શિક્ષણમાં ગુજરાતી ભાષા આ તમામ સંસ્કૃતિઓને જોડવાનું કાર્ય કરે છે. લોકગીત, વાર્તાઓ, ભજનો અને કહેવતો વિવિધ સ્વરૂપો દ્વારા શિક્ષણને સંસ્કૃતિસજ્જ બનાવે છે. આધુનિક શિક્ષણમાં બહું વધારે પડતાં પડકારો સામે ઊભા છે. જેવા કે, અંગ્રેજી માધ્યમનો વધતો પ્રભાવ, ગુજરાતી ભાષા પ્રત્યે ઉદાસીનતા, પાઠ્યક્રમોમાં સ્થાનિક સંસ્કૃતિનું ઘટતું પ્રતિનિધિત્વ, ટેકનોલોજી અને ડિજિટલ માધ્યમમાં ગુજરાતીનો સીમિત ઉપયોગ.

શિક્ષણમાં ગુજરાતી ભાષા માત્ર વિષય નથી, પરંતુ ઓળખ, સંસ્કૃતિ અને મૂલ્યોનું સંવર્ધન કરનાર શક્તિ છે. ભાષા દ્વારા સમાજ પોતાની સાસ્કૃતિક વિવિધતાને સાચવે છે અને નવી પેઢીઓ સંસ્કાર, સ્વાભિમાન અને સામાજિક એકતા વિકસાવે છે. શિક્ષણમાં ગુજરાતી ભાષાને સશક્ત ઉપયોગ ગુજરાતની ઓળખને વૈશ્વિક સ્તરે સ્થાપિત કરી શકે છે. શિક્ષણમાં ભાષા, ઓળખ અને સાંસ્કૃતિક વિવિધતા પર ધ્યાન આપવું આજના બહુભાષી અને બહુ સાસ્કૃતિક સમાજોમાં અનિવાર્ય બન્યું છે. શીખનારની માતૃભાષા સાસ્કૃતિક પૃષ્ઠભૂમિ અને સામાજિક ઓળખ તેમના શૈક્ષણિક અનુભવ, શીખવાની પ્રેરણા અને સિદ્ધિ પર ઊંડો પ્રભાવ પાડે છે.

ભાષા માત્ર સંચારનું સાધન નથી, તે વિચાર, જ્ઞાન અને સંસ્કૃતિ વહન કરતું માધ્યમ છે. માતૃભાષા આધારિત શિક્ષણ બાળકોમાં સમજ, આત્મવિશ્વાસ અને શૈક્ષણિક સક્રિયતા વધારતું હોવાનું સંશોધન દર્શાવે છે.ભાષા, ઓળખ અને સાંસ્કૃતિક વિવિધતા માટે સંવેદનશીલ શિક્ષણ પ્રણાલી ન્યાયસભર, સમાવેશક અને સમાજના નિર્માણ માટે આધારસ્તંભ છે. સંશોધન આધારિત નીતિઓ અને વ્યવહાર દ્વારા શિક્ષણમાં સમાનતા અને ગુણવત્તા બંને પ્રાપ્ત કરી શકાય છે.

ભાષા માનવ સંસ્કૃતિનો આત્મા છે અને શિક્ષણ એ ભાષાના સંરક્ષણ તથા વિકાસનું સૌથી સશકત માધ્યમ છે. ગુજરાતીની પોતાની સમૃદ્ધ ભાષાકીય પરંપરા, સાહિત્યિક વારસો અને લોક સંસ્કૃતિ છે. ગુજરાત રાજ્યમાં વિવિધ જાતિઓ, સમુદાયો અને બોલીઓ જોવા મળે છે – કચ્છી, સૌરાષ્ટ્રી, ચરોતરી, આદિવાસી વગેરે. શિક્ષણમાં આ સાંસ્કૃતિક વિવિધતાને સ્થાન આપવાથી સહિષ્ણુતા, પરસ્પર સન્માન અને સામાજિક એકતા વિકસે છે. ભાષા અને ઓળખ એકબીજાથી અલગ નથી. ગુજરાતી ભાષા

 ISSN: 2349-6002

સાથે ગુજરાતનો ઇતિહાસ, સાહિત્ય, લોક સાહિત્ય, કલા, તહેવારો અને જીવનશૈલી ગાઢ રીતે જોડાયેલી છે. જ્યારે શિક્ષણમાં નરસિંહ મહેતા, નહનાલાલ, ઉમાશંકર જોશી, મેઘાણી જેવા સાહિત્યકારોના સર્જનનો સમાવેશ થાય છે. ગુજરાત એક સાંસ્કૃતિક રીતે વૈવિધ્યસભર રાજ્ય છે.

ગરવું ગુજરાત એટલે ગુજરાતી ભાષા, પ્રજા અને સંસ્કૃતિની ઉજ્જવળ પરંપરા. ગુજરાતની અસ્મિતા એટલે કે સાંસ્કૃતિક પરંપરામાંથી ગુજરાતી પ્રજાની કેટલીક લાક્ષણિકતાઓ ઊપસી આવે છે.4000 વર્ષ પહેલા નો સાગર ખેડુ આજના ગુજરાતીની રગમાં દોડી રહ્યો છે. ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિના નવયુગના પ્રણેતા નર્મદા શંકર અને દલપતરામ ગુજરાતની અસ્મિતાના આદ્ય પ્રવર્તકો છે. ગાંધીજી સુધી આવતા છેલ્લા સો વર્ષ દરમિયાન ગુજરાતી ભાષા અને સંસ્કૃતિનો પ્રભાવ દ્રઢમૂલ બને છે.

ભાષાનો વિકાસ તેમાં દિન પ્રતિદિન ઉમેરાતા શબ્દો, કહેવતો અને જ્ઞાનસામગ્રી તથા જ્ઞાનસાધનો દ્વારા થાય છે. ગુજરાતીને બદલે અંગ્રેજી કે ઈત્તર ભાષાના શબ્દો જેમ જેમ વધુ વપરાય છે તેમ તેમ ગુજરાતી શબ્દો ઓછા થતા જાય છે. નવી પેઢી તળપદા ગુજરાતી શબ્દોથી દૂર થતી જાય છે. ગુજરાતીમાં 'દુ:ખણા લેવા' કે ' ઓવારણાં લેવા' એવો પ્રયોગ થાય છે. હવે આ પ્રથા લુપ્ત થતી જાય છે નવી પેઢીને આ રિવાજ વિચિત્ર લાગે છે.આવા શબ્દોના પ્રયોગ ઓછા થતા જાય છે, અંગ્રેજીના ઉપયોગથી આજની પેઢીને હેલો કે વેલકમ જેવા શબ્દો વધારે યોગ્ય લાગે છે. ગુજરાતી ભાષાનું લુપ્ત થવું એ બે કારણો છે. એક તો ઘરમાં, બહાર બધે જ અંગ્રેજીનો ઉપયોગ, બીજું તો અંગ્રેજી માધ્યમ દ્વારા અપાતા શિક્ષણથી.

મહાત્મા ગાંધીજીને પ્રેરણાથી ગુજરાતી ભાષામાં સાર્થ જોડણીકોશ અને ગોંડલના રાજા ભગવતસિંહજી પ્રેરિત ભગવદ્ગોમંડલ કોષ જેવા શ્રદ્ધેય શબ્દકોશ મળ્યા છે. પરંતુ ભૂતકાળમાં બે ત્રણ પ્રયત્નો થયા છતાં ગુજરાતી વિશ્વકોશની ઉણપ વિશેષ ધ વર્તાતી હતી. સાહિત્યને ઉજાગર રાખવા માટે સતત પ્રયત્નશીલ રહેતી ગુજરાતી સાહિત્ય પરિષદ છે, તેમજ ગુજરાત વિદ્યાસભા છે, ગુજરાત સાહિત્ય અકાદમી વિવિધ નાની મોટી સંસ્થાઓ દ્વારા સાહિત્યનું સંવર્ધન પ્રોત્સાહન રૂપી પ્રવૃત્તિઓ થતી રહી છે. સાહિત્ય અને જીવન શબ્દ સદીઓ જૂના છે,પરંતુ એ જેટલા જૂના છે તેટલા જ નવીનતા પણ છે. આ બંને વચ્ચેનો સંબંધ ક્યારે છૂટવાનો નથી.વિશ્વમાં જ્યાં જ્યાં માનવી છે ત્યાં ત્યાં સાહિત્યની સંભાવના છે. લિપિ નહોતી શોધાય ત્યારે પણ માનવી કોઈપણ રીતે પોતાનો ભાવ, સંવેદનો, જરૂરિયાતને વાચા આપતો હતો. જેમ જેમ લિપીબદ્ધ થતી ગઈ અને મૌખિક અભિવ્યક્તિમાંથી લિખિત અભિવ્યક્તિ તરફ વળવાનું બન્યું. સાહિત્ય મનુષ્ય દ્વારા મનુષ્ય માટે સર્જાયું છે. જેમાં જીવન કેન્દ્રસ્થાને સ્થાન પામ્યું.

સાહિત્ય સમાજનું પ્રતિબિંબ છે અને સમાજનું મૂળ સ્વરૂપ લોકજીવનમાં વસેલું છે. લોક સંસ્કૃતિ એટલે લોકોના જીવન સાથે જોડાયેલી ભાષા, પરંપરા,આસ્થા, રિવાજો, લોકગીતો, લોકકલાઓનો સમૂહ. જ્યારે સાહિત્યમાં લોક સંસ્કૃતિનો સમાવેશ થાય છે ત્યારે તે સમાજના જીવંત અનુભવોને સાચી રીતે રજૂ કરે છે અને સાહિત્યને પ્રામાણિકતા આપે છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં લોક સંસ્કૃતિનો પ્રભાવ મુખ્યત્વે ભક્તિ સાહિત્ય દ્વારા વ્યક્ત થયો છે. નરસિંહ મહેતાના ભજનોમાં લોક ભાષા, લોક ભક્તિ અને ધાર્મિક ભાવના સ્પષ્ટ રીતે જોવા મળે છે. દયારામની ગરબીઓ અને રાસ કાવ્યમાં લોક નૃત્ય, લોકસંગીત અને લોક ઉત્સવની પરંપરા સાહિત્ય રૂપે જીવંત બની છે.

 ISSN: 2349-6002

આધુનિક યુગમાં લોક સંસ્કૃતિનું ચિત્ર વધુ વાસ્તવિક અને વ્યાપક બન્યું છે. ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્યમાં તેમની કૃતિઓ 'સૌરાષ્ટ્રની રસધાર' અને 'રઢીયાળી રાત' માં લોક વાર્તા, લોકગીત ગ્રામ્યસંસ્કૃતિનું સજીવ અને સંવેદનશીલ ચિત્રણ મળે છે. પન્નાલાલ પટેલની નવલકથાઓ 'મળેલા જીવ' અને 'માનવીની ભવાઈ'માં ગ્રામ્ય સમાજ માનવીય સંઘર્ષનું યથાર્થ દર્શન થાય છે. સાહિત્યમાં લોક સંસ્કૃતિનું મહત્વ અતિ વિશાળ છે તે સમાજના ઇતિહાસ, પરંપરા અને માનસિકતાનું દસ્તાવેજ બને છે. ભાષા અને સંસ્કૃતિનું સરક્ષણ કરે છે અને સાહિત્યને જીવંત તથા લોકપ્રિય બનાવે છે.સાહિત્યના તમામ સાહિત્યકારોએ લોકજીવનને સાહિત્યમાં અમર બનાવીને ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. લોક સંસ્કૃતિ વિના સાહિત્ય અધૂરું અને નિર્જીવ બની જાય છે.

શિક્ષણ માનવ વિકાસનું મૂળ સ્તંભ છે અને ભાષા શિક્ષણનું મુખ્ય સાધન છે. ગુજરાતી ભાષા માતૃ સંવાદનું માધ્યમ નથી, પરંતુ તે ગુજરાતીની સંસ્કૃતિ, ઇતિહાસ, મૂલ્યો અને સામુહિક ઓળખનું પ્રતીક છે. તેથી શિક્ષણમાં ગુજરાતી ભાષાનું સ્થાન ભાષાકીય ઉપરાંત સાંસ્કૃતિક અને માનસિક દ્રષ્ટિએ પણ અત્યંત મહત્વપૂર્ણ છે. ગુજરાતી ભાષાનું સરક્ષણ અને પ્રોત્સાહન આપવાથી પ્રદેશીય ઓળખ જળવાઈ રહે છે. શિખંડમાં ગુજરાતી ભાષા માત્ર એક વિષય નથી, પરંતુ ગુજરાતી ઓળખ નો આધાર સ્તંભ છે. ભાષા સાથે જોડાયેલ શિક્ષણ જ સમાજને સંસ્કારસભર, વિચારશીલ અને આત્મવિશ્વાસુ નાગરિક આપી શકે છે.

શિક્ષણમાં સાંસ્કૃતિક વિવિધતા  એટલે શૈક્ષણિક પ્રક્રિયામાં વિવિધ ભાષાઓ, જાતિઓ,ધર્મ, પરંપરાઓ, લોક સંસ્કૃતિ, જીવનશૈલી અને મૂલ્યોને માન્યતા આપી તેમને શિક્ષણનો સક્રિય ભાગ બનાવવો. ભારત જેવા બહુવિધ સંસ્કૃતિ ધરાવતા દેશમાં શિક્ષણ માત્ર જ્ઞાનનું સાધન નથી, પરંતુ સામાજિક સમરસતા, સહ અસ્તિત્વ અને પરસ્પર આદર વિકસાવવાનું મહત્વપૂર્ણ માધ્યમ છે.શિક્ષણ દ્વારા વિદ્યાર્થી પોતાની સંસ્કૃતિને ઓળખે છે અને અન્ય સંસ્કૃતિઓને સમજવા શીખે છે. પાઠ્યપુસ્તકોમાં વિવિધ પ્રકારની ભાષા, સાહિત્ય, ઇતિહાસ, લોકગાથાઓ, તહેવારો અને પરંપરાઓનો સમાવેશ કરવામાં આવે ત્યારે વિદ્યાર્થીઓમાં વિશાળ દ્રષ્ટિ પણ વિકસે છે. આ રીતે શિક્ષણ સંકુચિત વિચારધારા ને બદલે વૈવિધ્યસભર વિચારસરણીનું નિર્માણ કરે છે.

સાંસ્કૃતિક વિવિધતા આધારિત શિક્ષણથી સામાજિક સમાનતા અને ન્યાયની ભાવના વિકસે છે. દરેક વર્ગ,જાતિ અને સમુદાયને સમાન માન આપવાની વિચારસરણી વિદ્યાર્થીઓમાં બળવત્તર બને છે. અલ્પસંખ્ય અને હાશીયે રહેલા સમુદાયોની સંસ્કૃતિને શિક્ષણમાં સ્થાન મળવાથી તેમની ઓળખ મજબૂત બને છે અને સમાવેશક શિક્ષણથી સંકલ્પના સાકાર થાય છે.ભાષા સાંસ્કૃતિક વિવિધતાનું મહત્વપૂર્ણ અંગ છે. માતૃભાષા આધારિત શિક્ષણ દ્વારા વિદ્યાર્થી વિચારે છે, વ્યક્ત થાય છે અને પોતાની સંસ્કૃતિ સાથે જોડાયેલા રહે છે. બહુભાષી શિક્ષણ પદ્ધતિ વિદ્યાર્થીઓમાં સહિષ્ણુતા અને પરસ્પર પરસ્પર સંવાદ ક્ષમતા વિકસાવે છે. આજના વૈશ્વિક યુગના સાંસ્કૃતિક વિવિધતા નું શિક્ષણ વિદ્યાર્થીઓને વૈશ્વિક નાગરિક બનાવે છે. વિવિધ સંસ્કૃતિઓને સમજ વિદ્યાર્થીઓમાં સહકાર,શાંતિ અને માનવ મૂલ્યનું પ્રોત્સાહન આપે છે તેથી કહી શકાય કે, શિક્ષણમાં સાંસ્કૃતિક વિવિધતા માત્ર શૈક્ષણિક આવશ્યકતા નહી, પરંતુ જવાબદાર સમાજના નિર્માણ માટે અનિવાર્ય તત્વ છે.

સાંસ્કૃતિક વિવિધતા કોઈપણ સમાજની જીવંત ઓળખ છે. ભાષા, ધર્મ, જાતિ, પરંપરા, લોકરીતિઓ, જીવન મૂલ્યો અને વિચારસરણીના ભિન્ન સ્વરૂપો મળીને સમાજની

 ISSN: 2349-6002

સંસ્કૃતિનું નિર્માણ કરે છે. શિક્ષણ એ સંસ્કૃતિના સરક્ષણ અને વિકાસનું મુખ્ય સાધન છે. જેથી શિક્ષણમાં સાંસ્કૃતિક વિવિધતા નું મહત્વ અત્યંત વ્યાપક અને મૂળભૂત છે, ખાસ કરીને ભારત જેવા બહુ સાંસ્કૃતિક દેશમાં. ભારત જેવા બહુ સાંસ્કૃતિક દેશમાં શિક્ષણ ત્યારે જ સફળ બની શકે જ્યારે તે દરેક સંસ્કૃતિને સમાન માન આપે અને વિવિધતામાં એકતાનો સંદેશ પ્રસારિત કરે.

અંતમાં, કહી શકાય કે, શિક્ષણમાં ગુજરાતી ભાષાનો સશકત ઉપાયો, સાંસ્કૃતિક ઓળખની મજબૂતી અને વિવિધતાનો સન્માન –આ ત્રણેય તત્વો સમાન રીતે મહત્વપૂર્ણ છે. ભાષા આધારિત અને સંસ્કૃતિ સંવેદનશીલ શિક્ષણ વ્યવસ્થા માત્ર કુશળ માનવ સંસાધન જ નથી ઊભું કરતી, પરંતુ જવાબદાર, સહિષ્ણુતા અને સંવેદનશીલ નાગરિકોની રચના કરે છે. ગુજરાતની સમૃદ્ધ ભાષા અને સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવા માટે શિક્ષણ સૌથી વધુ અસરકારક સાધન છે.

## સંદર્ભ સૂચિ:

1.ડૉ. નિરંજન રાજ્યગુરુ (2011). ગુજરાતનો સમૃદ્ધ વાડ્‌મય વારસો. ગાંધીનગર: ગુજરાત સાહિત્ય અકાદમી.
2.ડૉ. હસુતાબેન સેદાણી (1994). ગુજરાતની લોકસંસ્કૃતિ. અમદાવાદ-6: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
3.ધીરુભાઈ ઠાકર (મે,2002). શબ્દ અને સંસ્કૃતિ. અમદાવાદ: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય.
4.મોહન દાંડીકર (એપ્રિલ,2014). આપણો સહિયારો સાંસ્કૃતિક વારસો. વડોદરા: યજ્ઞ પ્રકાશન સમિતિ.
5.જયમલ્લ પરમાર (નવેમ્બર,2011) લોક સાહિત્ય અને સંસ્કૃતિ. રાજકોટ: પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.